# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-09-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# PM SURAT SEMI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે વર્ચ્યુઅલ માધ્યમથી સુરતના પલસાણા ખાતે અત્યાધુનિક OSAT પ્લાન્ટમાં સેમિકંડક્ટરના વાણિજ્યિક ઉત્પાદનનો શુભારંભ કરાવ્યો. અંદાજે 868 કરોડના રોકાણ સાથે સ્થપાયેલા આ સૂચિ સેમિકોનના પ્લાન્ટમાં 103.32 કરોડ ચિપ્સની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા છે. આ પ્લાન્ટમાં સેમિકન્ડક્ટર ચિપ્સનું એસેમ્બલી , અદ્યતન પેકેજિંગ અને પરીક્ષણ કરવામાં આવશે.

પ્લાન્ટ કાર્યરત થવાથી ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉત્પાદન અને સપ્લાય ચેઇનનું વિશ્વસનીય કેન્દ્ર બનાવવાના સંકલ્પને વધુ મજબૂતી મળશે. સાથે જ, તે 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનને પણ નવી ગતિ આપશે.

# SANGHVI BIKE RALLY

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને તેમની જનસેવાના 25 વર્ષ  નિમિત્તે દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગઇકાલે વડનગરથી નીકળેલી બાઈક રેલી આજે ગાંધીનગરના ચિલોડા ખાતે પહોંચી જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા. દરમિયાન ગંગા સ્વરૂપા બહેનો કીટ વિતરણ પણ કરવામાં આવી. શ્રી સંઘવીએ જણાવ્યું આ રેલીમાં રાજ્યના 500 યુવાનો પ્રધાનમંત્રીની જન્મ ભૂમિથી કર્મ ભૂમિ સુધી જશે.**

**(BYTE: HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER)**

*"પહેલી વાર દેશમાં કોઈ પ્રધાનમંત્રી શ્રીના જન્મદિવસ નિમિત્તે આટલી મોટી સંખ્યામાં યુવાનો મોટરસાઈકલના માધ્યમથી સેવા માટે નીકળ્યા હોય આવો દાખલો ગુજરાત નહીં, દેશ નહીં, દુનિયામાં પહેલી વાર બનતો હશે."*

# BLOOD DONATION

**સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે રાજ્યમાં એક જ દિવસમાં 410 રક્તદાન શિબિર યોજાઇ જેમાં 18 હજાર 500 થી વધુ બોટલ રક્ત સ્વૈચ્છિક દાતાઓ પાસેથી મળ્યું. આ શિબિરોમાં એન.સી.સી. કેડેટ્સ , વિદ્યાર્થીઓ, યુવાનો, સુરક્ષાકર્મીઓ અને સમાજસેવી નાગરિક રક્ત દાતા જોડાયા.**

# HPV VACCINATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે રાજ્યમાં 71 હજારથી વધુ દીકરીઓનું ઐતિહાસિક HPV રસીકરણ કરાયું છે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું કે આ અભિયાનમાં 16 સપ્ટેમ્બર સુધીમાં 6 લાખ 25 હજારથી વધુ દીકરીઓને સુરક્ષાકવચ અપાયું. તેમણે ઉમેર્યું , આ અભીયાનના 3 મહિનામાં જ પાત્રતા ધરાવતી કિશોરીઓને HPVની રસી આપીને પ્રથમ કામગીરી સાથે ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

# MAHISAGAR ACCIDENT

મહીસાગર જિલ્લાના લુણાવાડા-ગોધરા હાઇવે પર 4 વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો. જેમાં બે લોકોને સામાન્ય ઇજા પહોંચી હતી , જ્યારે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાને પગલે સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા અને ઇજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપવામાં આવી.

# GUJARAT RAIN

રાજ્યમાં 209 તાલુકામાં આજે મેઘમહેર થઈ છે જેમાં અમદાવાદમાં સૌથી વધુ પોણા ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદને પગલે શહેરના પાંચ અંડરપાસ બંધ કરાયા છે તો બીજી તરફ વાસણા બેરેજના 14 દરવાજા ખોલાયા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજમાં પણ આજે પોણા ત્રણ ઇંચ વરસાદ પડ્યો. જ્યારે મહિસાગરના કડાણા અને ગાંધીનગરમાં માણસામાં બે ઇંચથી વધુ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા. ભારે વરસાદને પગલે રાજ્યના 43 જળાશય હાઇએલર્ટ પર છે.

દરમિયાન આગામી બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દાહોદ અને છોટા ઉદેપુરમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે જ્યારે અમદાવાદ , ગાંધીનગર, અરવલ્લી, ખેડા, પંચમહાલ, મહીસાગર, વડોદરા અને નર્મદામાં ભારે વરસાદનું યલો એલર્ટ અપાયું છે.

# DANG BHUMIPUJAN

ડાંગ જિલ્લાના પિંપરી ખાતે પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે "સેવા સમર્પણના 25 વર્ષ"ની ઉજવણી અંતર્ગત સરકારી આશ્રમ શાળાના કુમાર અને કન્યા છાત્રાલયના નવા મકાનનું ભૂમિપૂજન કરાયું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે જણાવ્યું દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના CSR ફંડમાંથી બે કરોડ 43 લાખના ખર્ચે બે છાત્રાલયોના નિર્માણને મંજૂરી અપાઈ છે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ શિક્ષણને આદિવાસી વિસ્તારના વિકાસનું મહત્વનું સાધન ગણાવ્યું.

# MEHSANA CIVIL

સેવા મેરા યોગદાન કાર્યક્રમ અંતર્ગત મહેસાણાના વિસનગરની સિવિલ હોસ્પિટલ ખાતે એક કરોડ 28 લાખ રૂપિયાથી વધુની કિંમતના 11 આધુનિક તબીબી સાધનોનું ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે લોકાર્પણ કર્યું. આ સાધનો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના CSR ફંડમાંથી પ્રાપ્ત થયા છે. જેનાથી દર્દીઓને હવે વધુ સારવાર માટે અમદાવાદ જવુ નહિ પડે.

# MEHSANA JAHERNAMU

અંબાજી જતાં પદયાત્રીઓની સુરક્ષા માટે મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે તે અંતર્ગત માર્ગો પર બનાવવામાં આવતા સેવા કેમ્પ માર્ગથી ઓછામાં ઓછા 30 ફૂટ દૂર બનાવવા આદેશ અપાયો છે. ઉપરાંત કેમ્પ શરૂ કરવા માટે સંબધિત સરકારી અધિકારીની લેખિત પરવાનગી મેળવવી ફરજિયાત બનાવાઇ છે. કેમ્પ આગળ માટી કે અન્ય પ્રકારના બમ્પ બનાવવા તેમજ પ્લાસ્ટિક અને થર્મોકોલ પર પ્રતિબંધ રહેશે.